**જાહેરનામું**

**પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.**

**જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૭૭ /૨૦૧૯ તા.૨૨/૧૦/૨૦૧૯**

**ફોન નં.૦૭૯ - ૨૫૬૨૦૦૫૩**

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫ ના કામે તા. ૨૩/૧૦/૨૦૧૮ ના રોજ તથા તા. ૩૦/૧૦/૨૦૧૮ના રોજ દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિત્તે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશાનિર્દેશો કરેલ છે. તે ઉપરાંત દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે અમદાવાદ શહેર વિસ્તારમાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા વપરાશ ઉપર નિયંત્રણ મુકવું ઇસ્ટ જણાય છે.

આથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધીનિયમ સને.૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (b), કલમ ૩૩ (૧) (u) મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હદ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવુ છું.

**: કૃત્યો :**

(૧) દિવાળીના તહેવારો દરમિયાન રાત્રીના ૨૦:૦૦ થી ૨૨:૦૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે.

(૨) સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) (Series Cracker or Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૩) હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (૧૨૫ ડેસીબલ યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પી.કે.થી ઓછો અવાજ પેદા કરે તેવા) જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્સ ઉપર "PESO સુચના પ્રમાણેનું" માર્કિંગ હોવું જરૂરી છે.

(૪) હોસ્પિટલ, નર્સિંગહોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઇપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહિ.

(૫) વિદેશી ફટાકટા ની આયાત પ્રતિબંધિત ઘોષિત થયેલ છે. જેથી કોઇપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૬) ફ્લીપકાર્ટ, એમેઝોન સહીતની કોઇ પણ ઈ-કોમર્સ વેબસાઇટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઇન ઓર્ડર લઈ શકાશે નહી. ઓનલાઇન વેચાણ કરી શકાશે નહી.

આ/પો.ઇન્સ/કન્ટ્રોલ
પોલિસ કમિશ્નર કચેરી,
અમદાવાદ શહેર તા. ૨૩/૧૦/૧૯

(૭) લોકોને અગવડ ઊભી ન થાય કોઇ પણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અમદવાદ શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈમથકની નજીક ફટાકડા ફોડી શકાશે નહી.

(૮) કોઇપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આશતબાજ બલુન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઇપણ સ્થળે ઉડાડી શકાશે નહી.

આ જાહેરનામાનો અમલ તારીખ : ૨૨/૧૦/૨૦૧૯ થી તારીખ : ૦૪/૧૧/૨૦૧૯ સુધી રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારિશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૨૨/૧૦/૨૦૧૯ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :

૧. મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
  ૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારૂ
૨. અધિક મુખ્ય સચીવશ્રી ગ્રૃહ વિભાગ ગુજરાત સરકાર સચીવાલય ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.
૪. કલેક્ટરશ્રી જીલ્લા કલેક્ટરની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ ગુ.રા. અમદાવાદ (૫ નકલ)
૬. રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)
૭. રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)
૮. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા અમદાવાદ (૨૫ નકલ)
૯. મ્યુનીસિપલ કમિશનરશ્રી દાણાપીઠ અમદાવાદ શહેર.
૧૦. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ અમદાવાદ શહેર.
૧૧. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી અમદાવાદ શહેર.
૧૨. માહિતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
  ૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમા પ્રસીધ્ધ કરાવવા સારુ.